### પ્રાંતિજ ગ્રીનપાર્ક સોસાયટી વિભાગ-૩ના બિલ્ડરોએ ગ્રાહકને ૧૫ દિવસમાં

# મકાનનો કબજો આપવા ગ્રાહક સુરક્ષા કોર્ટનો આદેશ

### માનસિક ત્રાસ પેટે રૂ. ૧૦ હજાર, ફરીયાદ ખર્ચના રૂ. ૫ હજાર, ૯ ટકા વ્યાજે મકાનમાલિક ગ્રાહકને ચુકવવા પડશે

પ્રાંતિજ, તા. ૬

માણસને તેના માટે રહેવા સારૂ ઘર હોય તેવી ખુબજ ઈચ્છા હોય છે અને તેના માટે તે તેની કમાણીના વધુમાં વધુ નાણા મકાન ખરીદવામાં વાપરતો હોય છે પરંતુ અત્યારેના છેતરપિંડીના જમાનામાં બિલ્ડરો પણ વધુમાં વધુ નાણા કમાઈ લેવાની લ્હાયમાં મકાન ખરીદનારને વિવિધ રીતે છેતરતા હોય છે.

આવુ જ કાંઈક પ્રાંતિજમાં બનવા પામેલ છે કે રૂચિ નિર્માણ પ્રા.લી. દ્વારા પ્રાંતિજમાં ગ્રીનપાર્કના નામે હાઈવે ખાતે નં. ૧ એ ૨ તથા એકસપેરીમેન્ટલ હાઈસ્કૂલની બાજુમાં નં. ૩ના નામે મકાનની યોજના જાહેર કરેલ જેમાં ગ્રાહકો નોંધી નાણાં ઉઘરાવી, બેંક લોન કરીને ગ્રાહકોના નાણા સદરહુ બિલ્ડરોએ લઈ લીધેલ છે. છતાં પણ ગ્રીનપાર્ક-૩ના ગ્રાહકોને ૭ વર્ષ થવા આવેલ છે છતાં પણ મકાનનો કબજો ન આપવા તથા ૭ વર્ષે પણ કામ પુર્ણ ન કરતા બિલ્ડરો સામે નગીનભાઈ રેવાભાઈ રાઠોડ-ઘડી, દિલીપકુમાર બાબુભાઈ રાઠોડ-પ્રાંતિજ અને કાપડીયા ઈલાબેન જીતેન્દ્રકુમાર ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજમાં ફરીયાદ આપેલ જેના અનુસંધાને મંડળ દ્વારા બિલ્ડરને નોટીસો આપીને તાત્કાલીક દસ્તાવેજ કરીને મકાનનો કબજો આપવા જણાવેલ પરંતુ સદરહુ બિલ્ડરોએ કોઈ જ જવાબ આપેલ નહી તેથી ના છુટકે ગ્રાહક હિત સુરક્ષા મંડળ દ્વારા રૂચિ નિર્માણ પ્રા.લી. ગ્રીનપાર્ક-૩ના જવાબદાર વિરૂદ્ધ ગ્રાહક સુરક્ષા કોર્ટે (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ-હિંમતનગર)માં જરૂરી પુરાવાઓ સહિત ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને ફરીયાદ પક્ષે મંડળના એડવોકેટ, મુકેશકુમાર એચ. સુતરીયા દ્વારા દલીલો રજુ કરવામાં આવેલ હતી.

આમ બંને પક્ષના પુરાવાઓ અને દલીલો સાંભળીને સાંબરકાઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, હિંમતનગર, જિ. સાબરકાંઠાના પ્રમુખ, એ.એસ. બુધવાણી, સભ્યો, એસ.આર. પટેલ અને એમ. જી. પટેલ દ્વારા ફરીયાદો અંશતઃ મંજુર કરીને સંયુક્ત પણે ચુકાદો જાહેર કરીને નગીનભાઈ રાઠોડના બિલ્ડરે વધારે લીધેલ રૂ. ૩,૯૫,૦૦૦, દિલીપકુમાર રાઠોડના રૂ. ૨,૫૦,૦૦૦ અને કાપડીયા ઈલાબેનના રૂ. ૧,૫૦,૦૦૦ ફરીયાદની તારીખથી તે રકમ વસુલ થાય ત્યાં સુધી ૯ ટકા વ્યાજે તથા દરેક ફરીયાદીને માનસિક ત્રાસ પેટે રૂ. ૧૦ હજાર અને ફરીયાદ ખર્ચના રૂ. ૫ હજાર ચુકવી આપવા તથા દિન-૧૫માં કાયદેસરનો દસ્તાવેજ કરી આપવાનો હુકમ કર્યો હતો.

# મહેસાણા જિલ્લામાં ૧૦થી ૧૫ જુલાઈ દરમિયાન બાળ ફિલ્મોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૬

સમગ રાજ્ય સહિત મહેસાણા જિલ્લામાં તારીખ ૧૦ જુલાઈથી ૧૫ જુલાઈ દરમિયાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતાં અંદાજીત ૨૦૧૧૮ વિદ્યાર્થીઓને જિલ્લાની આઠ જેટલી મલ્ટીપ્લેક્ષ સિનેમાઓમાં ફિલ્મ બતાવવામાં આવશે.

મહેસાણા જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાના બાળકો આ ફિલ્મ જોવાનો લાભ લે તે માટે આયોજન કરવા જણાવાયું હતુ. બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે. રાજ્ય સરકારનો હેતુ બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને જ્ઞાન અને શુભ સંદેશા સાથે આનંદ આપવાનો છે. જે માટે લોકો માહિતગાર થાય તે માટેનુંઆયોજન કરવા જણાવ્યું હતું. નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ બાળ ફિલ્મોત્સવની માહિતી આપતાં જણાવ્યુંહતું કે મહેસાણા જિલ્લામાં ૨૦૧૧૮ સરકારી પ્રાથમિક શાળાના બાળકો નિર્ધારીત કરેલ ફિલ્મો નિહાળશે. બાળકોની નક્કી થયેલી ફિલ્મો થકી બાળકો એકબીજાને મળવાની સાથે ગમ્મત પડે, કંઈક શિખવાનું મળે અને જાણવાનું મળે તેવી હીટ થયેલી ફિલ્મો દર્શાવવાનું આયોજન કરાયું છે.

બાળ ફિલ્મોત્સવ જિલ્લાના વિવિધ સિનેમાઓમાં યોજાનાર છે. જેમાં વાઈડ એંગલ સિનેમા, સિને પ્લસ, પ્રશાંત સિનેમા, સિને પ્લસ અને, કૃષ્ણ સિનેમા વિસનગર, વંદના ચિત્ર મંદિર વિજાપુર, વી.વર્લ્ડ સિનેમા અને શૈફાલી સિનેમા કડી, મહેસાણામાં વાઈડ એન્ગલ સિને પ્લસ અને પ્રશાંત સિનેમા વિસનગર ખાતે સિનેપ્લસ કૃષ્ણ સિનેમા વિજાપુર ખાતે વંદના ચિત્ર મંડળ કડી ખાતે વી વર્લ્ડ સિનેમા અને શૈફાલી સિનેમા તેમજ ઉંઝામાં આવેલ કૃષ્ણ સિનેમાનો સમાવેશ થાય છે.

# પાલનપુર મુકામે પીસી.પી.એન.ડી.ટી સહિત આરોગ્યની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૬

પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને પીસી પી.એન.ડી.ટી. એડવાઈઝરી



કમિટી, ગવર્નીંગ બોર્ડ, ડિસ્ટ્રીકટ ટાસ્કફોર ઈમ્યુનાઈઝેશન, ડીસ્ટ્રકટ કવોલીટી એશ્યોરન્સ કમીટી અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના સહિત આરોગ્યની વિવિધ સમિતિની બેઠકો યોજાઈ હતી. બેઠકમાં કલેકટરે આરોગ્ય કચેરીના અધિકારીઓને સુચના આપતાં જણાવ્યું કે ચોમાસાની ઋતુમાં આરોગ્યની સરસ વ્યવસ્થા જળવાય તથા લોકોને પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતી દવા અને સરસ સારવાર મળી રહે તેની કાળજી રાખીએ. કલેકટરે કહ્યું કે ચોમાસાની સીઝનમાં મેલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગો ન ફેલાય તે માટે જયાં પાણી ભરાયા હોય તેવા તથા જયાં જરૂરી હોય તેવી તમામ જગ્યાએ દવાઓનો છંટકાવ કરી રોગચાળાને ફેલાતાં પહેલાં જ અટકાવીએ. લોકોને આરોગ્યની સેવાઓ મેળવવા તકલીફ ન પડે તે માટે કલેકટરે વિસ્તૃત સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતુ.

બેઠકમાં કલેકટર દિલીપ રાણા જણાવ્યું કે જિલ્લામાં એકપણ બાળક રસી પીવાથી વંચિત ન રહે તે માટે ૧૦૦ ટકા રસીકરણ થાય, માતા અને બાળ મરણ ઘટાડવા સંસ્થાકીય ડીલીવરી થાય અને સ્ત્રી-પુરૂષનો સેક્સ રેશિયો જળવાય તે માટે ખાસ તકેદારી રાખવાની જરૂર છે. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યએ માહિતી આપતા કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ૧૫૮ સોનોગ્રાફી સેન્ટરોમાં ગાયનેક ડાંકટરો ધ્વારા સોનોગ્રાફી કરવામાં આવે છે. આ તમામ સેન્ટરોની તાલુકા હેલ્થ ઓફિસરો દ્વારા સમયાંતરે મુલાકાત લઈ નિયમિત ચેકીંગ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે રાજસ્થાનમાંથી આવતા દર્દીઓ અને ગુજરાતમાંથી રાજસ્થાનમાં સારવાર લેવા જતાં દર્દીઓ પર પણ વોચ રાખવામાં આવે છે. તેમણે કહ્યું કે મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત લોકોમાં જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે સ્વાઈન ફલૂમાં દર્દીને તાત્કાલીક સારવાર મળે તે માટે પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ટેમીફલૂ નામની ટેબલેટનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો છે તથા પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સ્વાઈન ફલૂના ટેસ્ટ માટે લેબની સુવિધા પણ ઉપલબ્ધ છે.

બેઠકમાં આસી.કલેકટર ગવહાણે નવનાથ કોન્ડીબા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્ય, ડૉ. સુનિલ જોષી, ડૉ. ગિરધરભાઈ પટેલ, સરકારી વકીલ સી.જી. રાજપુત અને વિપુલ કંસારા, તાલુકા હેલ્થ ઓફિસરો સહિત આરોગ્ય કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાંક જળાશય યોજનામાં અસરગ્રસ્ત ખેડૂતોએ જમીન વળતર મુદ્દે તાળાબંધીનો પ્રયાસ

### મોડાસા ટાઉન પોલીસે મંજુરી વગર કાર્યક્રમ કરતા ૧૬ મહીલા અને ૧૯ પુરૂષની અટકાયત કરી





મોડાસા, તા. ૬

૧-૯-૧૯૯૯માં વાત્રક યોજના નહેર વિભાગ દ્વારા લાંક જળાશય યોજનામાં વીરાખાટની મુવાડી નવી વસાહત સવેલા અને લાંક ગામના ખેડૂતોની જમીન ડૂબમાં ગઈ હતી. સરકારના ધારાધોરણ મુજબ જમીન સંપાદન અંગે વાત્રક યોજના નહેર વિભાગ અને જવાબદાર તંત્ર સામે રજૂઆત કરવા છતાં યોગ્ય ન્યાય મળતો ન હતો. કલેકટરના આદેશના મુજબ લાંક ગ્રામ પંચાયત ખાતે ૯-૩-૨૦૧૭ના રોજ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃ વસવાટ કચેરી હિંમતનગર, બાયડ મામલતદાર અને લાંક ગામના તલાટી કમ મંત્રી વગેરેની હાજરીમાં નાયબ કલેક્ટર જમીન સંપાદન દ્વારા લાંક જળાશય યોજનામાં ડૂબમાં ગયેલા અસરગ્રસ્તોને કબજા હક્ક અને રકમ અંગે જુન ૨૦૧૭ સુધી મુદત આપી ન્યાય આપવા હૈયાધારણા આપી હતી. પરંતુ જુન મહીનો પૂર્ણ થયા છતાં યોગ્ય ન્યાય નહી મળતા ૫૦થી વધુ અસરગ્રસ્ત મહીલા-પુરૂષો ગુરૂવારે મોડાસા બસસ્ટેન્ડ પાછળ આવેલી વાત્રક જળાશય નહેર વિભાગ કચેરી નજીક આમરણાંત ઉપવાસ પર ઉતરતા વાત્રક જળાશય નહેર વિભાગ દ્વારા આ અંગે મોડાસા ટાઉન પોલીસને પણ જાણ કરતા કચેરી ખાતે ધસી આવી આશા પર બેઠેલા ૫૦થી વધુ ગામ લોકોની જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ હેઠળ અને વગર મંજુરીએ ધરમા કરતા અટકાયત કરી ટાઉન પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. તમામ અટકાયતીની અસરગ્રસ્તોને સાંજના છોડી મુકવામાં આવ્યા હતા.

અસરગ્રસ્ત વીરાખાંટની મુવાડીના ચૌહાણ સોમસીંહ જુમસીહના જણાવ્યા અનુસાર ૨૮-૨-૧૪ના દિવસથી નવી વસાહત તરીકે વિસ્થાપીત કર્યો. લાંક જળાશયમાં ૧૯૯૭-૯૮માં અમારી જમીનો સંમતિ કરારથી લેવામાં આવી તેના બદલામાં સરકાર દ્વારા ૧-૯-૧૯૯૯થી જમીન ફાળવી દીધી હોવા છતા અધિકારીઓ દ્વારા ગલ્લાતલ્લા કરી સનદ આપતા નથી જેથી ન છૂટકે આજે અમારે અનશન અને વાત્રક જળાશય નહેર કચેરીનો તાળાબંધી કરવાની અને અનશન કરવાની ફરજ પડી છે.

### વાત્રક જળાશય નહેર કચેરીના ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર કહે છે કે

વાત્રક જળાશય નહેર કચેરીના ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર પી.એમ. પંચાલના જણાવ્યા અનુસાર ૯-૩-૨૦૧૭ના રોજ કલેક્ટરના આદેશ મુજબ નાયબ કલેક્ટર જમીન સંપાદન, પુનઃવસવાટ કચેરી હિંમતનગર બાયડ મામલતદાર અને લાંક તલાટીની હાજરીમાં નાયબ જમીન સંપાદન દ્વારા અસરગ્રસ્તોને આ બાબતે કબ્જા હકની કેટલી વસુલી લેવી આ અંગે સરકાર સાથે જુન ૨૦૧૭ સુધી મુદત આપવામાં આવી હતી. મુદત પુરી થયે યોગ્ય કાર્યવાહી ન થતા લાંક જળાશય યોજનાના અસરગ્રસ્તો સાંજે અહીં અનશન પર ઉતર્યા હતા. અમારી જવાબદારી બનતી ન હોવાનુ જણાવ્યુ હતુ. આ અંગે મોડાસા ટાઉન પોલીસમાં બંદોબસ્ત માંગતા મંજુરી વગર ધરણા કરતા મોડાસા ટાઉન પોલીસે અટકાયત કરી હતી.

# ધોરણ-૧૦ ગુણ ચકાસણીમાં ૬૦ વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો

### ૯૬૩૯ વિદ્યાર્થીઓના ગુણમાં કોઇ ફેરફાર નહી : ૩૦૬ વિદ્યાર્થીઓના પરિણામમાં એક ગુણથી લઇને પાંચ ગુણ સુધીનો વધારો : યાદી વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરી

અમદાવાદ, ૬

ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવી હતી. જેમાં હાથ ધરાયેલી ગુણ ચકાસણી કાર્યવાહીના અંતે ૩૦૬ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થયો હોવાનું જાણવા મળ્યું છે. જયારે ૬૦ વિદ્યાર્થીઓ એવા છે કે, જેમના ગુણમાં સુધારો થતાં હવે તેઓ જૂલાઈ માસમાં લેવામાં આવનારી પૂરક પરીક્ષામાં બેસી શકશે. જયારે ૯ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓના ગુણમાં કોઈ જ સુધારો થયો ન હતો. પ્રાપ્ત માહિતી મુજબ, શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં ધોરણ-૧૦ની પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ મે માસમાં જાહેર કરાયું હતું. પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી માટે અરજી કરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા ગોઠવવામાં આવી હતી. જેને પગલે રાજયના ૯૬૭૫ વિદ્યાર્થીઓએ બોર્ડ સમક્ષ ૨૬૬૧૩ વિષયોના પેપરો ચકાસવા માટે બોર્ડ સમક્ષ અરજી કરી હતી. વિદ્યાર્થીઓની અરજી મળ્યા બાદ બોર્ડ દ્વારા ગુણ ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થતાં તેઓ હવે જૂલાઈ માસમાં લેવાનારી ધોરણ-૧૦ની એક અથવા તો બે વિષયની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. જયારે ૩૦૬ જેટલા વિદ્યાર્થીઓના પરિણામમાં એક ગુણથી લઈ પાંચ ગુણ સુધીનો વધારો થયો હતો. જયારે ૯૬૩૯ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થયો ન હતો. બોર્ડ દ્વારા ગુણચકાસણીનું પરિણામ જાહેર કરી દેવાયુંછે અને જે વિદ્યાર્થીઓના ગુણમાં કોઈ જ સુધારો નોંધાયો નથી તેઓના નામની યાદી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરી દેવાઈ છે.

## માહોલ યોગ્ય નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમસ્યાને ઉકેલવાની દિશામાં પગલા લઈ શકે છે. પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે, શુક્રવારના દિવસે બ્રિક્સ દેશોના નેતાઓની બેઠક થનાર છે જેમાં મોદી અને જિંગપિંગ બને ભાગ લેનાર છે. મોદી અને જિંગપિંગ મળશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા હાલમાં જ કોઈ વાત કરવી યોગ્ય રહેશે નહીં. બંને દેશોની સેનાઓ વચ્ચે સિક્કિમ સેક્ટરમાં મડાગાંઠની સ્થિતિ છે. ચીની સૈનિકો દ્વારા સિક્કિમ સરહદની નજીક માર્ગ નિર્માણના પ્રયાસને લઈને ભારત અને ચીન વચ્ચે છેલ્લા ૧૯ દિવસથી ખેંચતાણ ચાલી રહી છે. આ વિવાદ ભૂટાન, ચીન અને ભારત સરહદ ઉપર સ્થિત ડોકલામ ક્ષેત્રમાં છે. આ ક્ષેત્રનું ભારતીય નામ ડોકલા છે જ્યારે ભૂટાન તેને ડોકલામ કહે છે અને ચીન આને ડોંગલાંગ કહે છે. આ વિવાદના પરિણામ સ્વરુપે તંગદિલી ચરમસીમા ઉપર છે. ચીની મામલાઓના કેટલાક જાણકાર લોકો એમ પણ કહી રહ્યા છે કે, સિક્કિમ વિવાદનો ઉકેલ નહીં આવવાની સ્થિતિમાં ચીની સેનાના વિકલ્પનો ઉપયોગ પણ કરવામાં આવી શકે છે. બીજી બાજુ ઈઝરાયેલની સફળ યાત્રા બાદ મોદીએ હવે જી-૨૦ બેઠક ઉપર ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. સાથે સાથે ડોકલામમાં મડાગાંઠ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. હજુ સુધી જિંગપિંગ સાથે દ્વિપક્ષીય બેઠકની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. ભારત સરકારે પણ આ અંગે સ્પષ્ટતા કરી છે. ચીને મોદી અને જિંગપિંગ વચ્ચેની બેઠક રદ કરી છે તેવા એહવાલને ભારતે રદિયો આપ્યો છે અને કહ્યું છે કે, આ પ્રકારની બેઠક પહેલાથી જ નક્કી કરાઈ નથી. આર્જેન્ટીના, કેનેડા, ઈટાલી, જાપાન, મેક્સિકો, યુકે અને વિયેતનામના લીડરો સાથે મિટિંગો નક્કી કરવામાં આવી છે.

## એ ઉપાય નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડશે. કોર્ટે કહ્યુ હતુ કે સરકાર બિલકુલ યોગ્ય દિશામાં કામ કરી રહી છે પરંતુ ખેડુતોની આત્મહત્યાના મામલા સતત વધી રહ્યા છે. આ દિશામાં કામ કરવા માટે જે કઈ પણ પગલા લેવાની જરૂર છે તે પગલા લેવા પડશે. કોર્ટ આપની સાથે હોવાની વાત પણ કરી હતી. ખેડૂતોને લોન આપવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો કોઈ ખેડૂતને લોન આપવામાં આવે છે તો પહેલા તેની પાક વિમાનું છત્ર હોવું જોઈએ. ત્યારબાદ ખેડૂત લોન ડિફોલ્ટર કઈરીતે થઈ શકે છે. જો પાક બરબાદ થઈ જાય છે તો લોનની ચુકવણી કરવાની જવાબદારી વિમા કંપનીઓની હોય છે. સમસ્યા એ પણ છે કે, બેંક યોજનાઓને લઈને ખેડૂત સુધી પહોંચતા નથી. આવી સ્થિતિમાં ખેડૂતો વચેટિયાઓના સકંજામાં ફસાઈ જાય છે. કોર્ટે સરકારે શ્રેણીબદ્ધ પ્રશ્નો કર્યા છે. કોર્ટે પ્રશ્ન કરતા કહ્યું છે કે, જો સરકાર આ દિશામાં કામ કરવા ઈચ્છુક છે તો કયા પગલા લેવા માંગે છે. છ મહિના બાદ મામલાની સુનાવણી કરવામાં આવશે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે, આ મામલાની સુનાવણીને બંધ કરાશે નહીં. સરકારને છ મહિનામાં જમીની સ્તર પર યોજનાને લાગૂ કરવા માટે માહિતી આપવી પડશે. બીજી બાજુ કેન્દ્ર સરકાર તરફથી ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાથી ૧૨ કરોડથી ૫.૩૪ કરોડ ખેડૂત જોડી દેવામાં આવ્યા છે.

## ભાવ વધશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે મટીરિયલ્સની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ટીવી, ફ્રીજ અને એસીની કિંમતમાં વધારો થઈ શકે છે. સ્ટીલ, કોપર અને પ્લાસ્ટિકની કિંમતો ફેબ્રુઆરી બાદથી અવિરત વધી રહી છે. એસીના કમ્પ્રોસર, ફ્રીજ માટેના કોમ્પ્રેસરમાં ચાર ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. ટીવી પેનલની કિંમતમાં ત્રણ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. માર્જિન પ્રેશરને ધ્યાનમાં લઈને કંપનીઓએ તહેવારની સિઝન સુધી કિંમતોમાં વધારો કરવાની યોજનાને મોકૂફ કરી દીધી છે. જાણકાર લોકોનું કહેવું છે કે જીએસટી વ્યવસ્થા હેઠળ કેટલાક ફેરફાર થઈ રહ્યા છે. વર્લપુલ ઓફ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ કપિલ અગ્રવાલનું કહેવું છે કે, સ્ટીલ, કોપર અને પ્લાસ્ટિકની ઉંચી કિંમતોની ગણતરી કરવામાં આવી રહી છે. આશા છે કે, આ વધારો આગામી મહિનામાં વધારે જોવા મળશે. મેન્યુફેક્ચર્સ માર્જિન દબાણ હેઠળ રહેલા છે. જીએસટી અસરકારક ટેક્સેસનમાં ચાર ટકા સુધીના વધારાના કારણે વધુ મુશ્કેલીમાં છે.

આગામી દિવસોમાં કન્ઝ્યુમર ચીજવસ્તુઓ સામાન્ય લોકોને વધુ ખર્ચાળ સાબિત થઈ શકે છે. તહેવારની સિઝન નજીક આવી ચુકી છે ત્યારે જીએસટી વ્યવસ્થાના લીધે ચીજવસ્તુઓ અને ખાસ કરીને ટીવી, ફ્રીજ, એસી, વોશિંગ મન્શીન અને માઈક્રોવેવ ઓવનની કિંમતોમાં વધારો થશે.

## ગિવ ઈટ અપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેસ અથવા તો એલપીજી ધારકોએ તેમની સબસિડીને છોડી દીધી હતી. આના કારણે સરકારી તિજોરીને ૪૦૦૦ કરોડનો સીધો ફાયદો થયો હતો. આ ઘટનાક્રમ પર નજર રાખી રહેલા સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ઓગષ્ટથી આ સ્કીમ લોંચ કરવામાં આવનાર છે. આના મારફતે યાત્રીઓને તેમની ટ્રેન ટિકિટ પરની ૧૦૦ ટકા સબસિડી અથવા તો ૫૦ ટકા સબસિડી છોડી દેવા માટે વિકલ્પ આપવામાં આવશે. આ નિર્ણય સ્વેચ્છિક રહેશે. જે ટ્રેનના યાત્રીઓ પર છોડી દેવામાં આવનાર છે. રેલવેના કહેવા મુજબ રેલવે પ્રધાન સુરેશ પ્રભુને આ વિચાર આવ્યા બાદ આના પર વિચારણા હાથ ધરવામાં આવી હતી. એક ટ્રેનના યાત્રી અવતાર ક્રૃષ્ણ ખેરે વાસ્તવિક ભાડાની જુદી રકમ માટે આઈઆરસીટીસીના નામ પર એક ચેક પરત મોકલ્યો હતો. સબસિડીનો પણ આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રેલવે પર વાર્ષિક આધાર પર જંગી સબસિડી બોજ ૩૦૦૦૦ કરોડનો રહ્યો છે. રેલવેની બે નાણાંકીય સંસ્થાઓ સાથે વાતચીત પહેલાથી જ ચાલી રહી છે.

## ટેક્ષ વ્યવસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીઈઓ ફોરમને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, જીએસટી સાથે ભારત વધુ પારદર્શક ટેકસ વ્યવસ્થાની દિશામાં આગળ વધી રહ્યું છે. સૌથી મોટા આર્થિક સુધારા તરીકે જીએસટીને ગણાવીને મોદીએ સ્થિર અને વધુ શક્તિશાળી ટેકસ વ્યવસ્થાની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, કંપનીઓ દ્વારા સામનો કરવામાં આવતા પોલિસી વિવાદો દૂર કરી દેવામાં આવ્યા છે. તેમની સરકાર ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારત-ઈઝરાયેલ સીઈઓ ફોરમ પ્રથમ વખત આજે મળી હતી જેમાં પાંચ વર્ષની અંદર દ્વિપક્ષીય કરોબારને પાંચ અબજ ડોલરથી વધારીને ૨૦ અબજ ડોલર સુધી લઈ જવાની વાત કરાઈ હતી. અભૂતપૂર્વ યાત્રાના ભાગરુપે પાંચ અબજ ડોલરથી વધુના એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા.

## પાણીનો કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજીતરફ સેકટરોમાં પણ વધતી વસતી અને વિકાસ મુજબ પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યાતા છે. શહેરમાં પાણીની સમસ્યા હલ કરવા માટે સમગ્ર વિતરણ વ્યસ્થા સહીત પાણીના સંપનુ ઈલેકટ્રીફિકેશન અપગ્રેડ કરવા ટુંકમાં જ કાર્યયોજના તૈયાર થશે. જો કે આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. જેથી વિભાગ દ્વારા મંજુરી અપાયા બાદ કાર્યવાહી હાથ ધરાશે.

## સીક્સ લેન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૩.૨૫૦૦ કરોડના ખર્ચે સીક્સ લેન બનાવવામાં આવશે. મુખ્યમંત્રી રૂપાણીએ વધુમાં ઉમેર્યુ હતું કે, અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં જે આધુનિક વિકાસ થઈ રહ્યો છે, તેના મૂળમાં રાજયના વૈશ્વિક વિકાસ માટેની નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે. અમદાવાદને વધુ સુવિધાસભર બનાવવા માટે રાજય સરકાર ઔડા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રોત્સાહિત કરશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરના પ્રજાલક્ષી કામો જેવા કે, પાણી, રસ્તા, ગટર, આરોગ્ય સહિતના કામો માટે રૂ.૫૦૦ કરોડથી વધુની ગ્રાંટ ફાળવવામાં આવી છે. આજના કાર્યક્રમ દરમ્યાન પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ, જિલ્લા પ્રભારીમંત્રી શંકર ચૌધરી, ઔડાના ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

હાઈવે પરના પાર્ટી પ્લોટો કે કલબોમાં લગ્ન પ્રસંગ કે જાહેર કાર્યક્રમો વખતે તો આ હાઈવે પર નીકળવું કે પાર્કિંગ કરવું માથાના દુખાવા સમાન બની રહે છે ત્યારે હવે મુખ્યમંત્રીએ એસજી હાઈવેથી ગાંધીનગર સુધીના માર્ગમાં આવતા તમામ ચાર રસ્તા પર ફલાયઓવર બ્રીજ બનાવવાની જાહેરાત થતાં જો ફલાયઓવર બ્રીજ બનશે તો, આ હાઈવે પર ટ્રાફિકની સમસ્યા મહ્દઅંશે હલ થઈ જશે.

## તનદુરસ્તી

● ૪
પાનાનું ચાલુ...

રહેશે પણ તેમાંથી સૂરી સાહેબ અથવા તો સૂરી સાહેબ જેવા કોઈ યોગ ગુરુનો આશરો લઈ આશન કરવાથી ખરેખર ફાયદો થશે જ. આપણે તેમાં કશું જ ગુમાવવાનું નથી કે કોઈ જાતનો ખર્ચ કરવાનો નથી. મતલબ ફાયદો જ ફાયદો છે. માટે કશું ન કરો તો કંઈ નહીં તમારા જીવનનો અર્થ, તમારા જીવનનો મર્મ તમે ન સમજી શકો અથવા ન શોધી શકો તો કાંઈ નહીં આત્મહત્યા થોડી થાય. પણ યોગ કરીએ, પોતે સુખી થઈએ અને કુટુંબને પણ સુખી કરી અને છેલ્લે સમાજને સુખી કરીએ. ચાલો આજે આપણે સૂરી સાહેબને યોગ માટે અરવિંદ આશ્રમમાં મળવા જઈએ. તેઓ સવારે ૫ થી ૭ અને બપોરે ૪ થી ૭ સુધી લોકોની સેવામાં હાજર જ છે. સૂરી સાહેબ ધારત તો ઘણા બધાં પૈસા ભેગા કરી શક્યા હોત. પણ એક પણ પૈસો લીધા સિવાય ગાંધીનગરની બહુ જ સારી સેવા કરી રહ્યા છે. આવું ન લખીએ તો યોગ અને સૂરી સાહેબ બંનેનું અપમાન થતું હોય એમ લાગે. ચાલો આપણે બંને યોગ અને સૂરી સાહેબને બચાવી લઈએ.